
# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




'કટ્ટરતા ને કચડી નાખશે' એ પડકાર છે,
સામે હિમાલય જેવડા મોટા પડકાર છે,
ફડકાર છે આતંકને કે ગળી જશે શાંતિ -
સખત શ્રમ પછી સંતોષનો ઓડકાર છે.




ઉખેડી નાખ્યો!
શિખા છોડ્યા વગર -
નહેરુ વંશ..

જીત્યો સંગ્રામ
મિડિયા તલવારે -
એકલે હાથે..

## ચિંતન

**સ્વભાવો નોપદેશેન શક્યતે કર્તૃમન્યથા । સુતપ્તમપિ પાનીયં પુનર્ગચ્છતિ શીતલામ્ ॥**

'સારી વાતો કરીને, સલાહ-ઉપદેશ, બોધ આપીને પણ કોઇના સ્વભાવને સુધારી-બદલાવી શકાતો નથી. આ એક આનુભવિક વાત છે દાખલા તરીકે જો પાણીને ગરમ કરવામાં આવે (તો થોડી ક્ષણો માટે તે કદાચ ઉકળે) ત્યાર પછી તે થોડી જ વારમાં તેના મૂળ સ્વભાવ 'શીતળતા' પર પાછું આવી જાય છે.'

પ્રાણ અને પ્રકૃતિ - (સ્વભાવ) સાથે જ જાય એ કદી કોઇથી બદલી શકાતો નથી એટલે કે કોઇ પ્રયત્ન કરે તો પણ તેની કોઇ જ અસર થતી નથી. દુર્જનને સંત-સાધુઓ બોધ આપે તો પણ એક કાનેથી સાંભળી બીજે કાનેથી કાઢી નાખે એમની કોઇ જ અસર દુર્જનના સ્વભાવ પર થતી નથી.

કેટલાંક લોકો બધાંને સલાહ-સૂચન આપતાં રહે છે એમાં કોઇ અપમાન કરે તો પણ આવી ટેવ છોડતાં નથી. આવા લોકો પોતાને સર્વજ્ઞ-બુદ્ધિમાન માનતાં હોવાથી કોઇની સલાહ-બોધ પણ માનતાં નથી-અનેક અપમાનો છતાં ય પોતાનો જ કક્કો સાચો છે એવી માન્યતા મૂકતાં નથી.

## સુવિચાર

- દેખતે-દેખતે જનાબ ખુદા બન બૈઠે, મેરે જનમ બીતે આદમી સા હોને મેં..
  **- ડૉ. રામ મિશ્રા**
- મમત્વની કૂખેથી જન્મે છે...જડતા, હઠ, અહંકાર, સંકુચિતતા અને વિવેક શૂન્યતા
  **- ધર્મસૂત્ર**
- જે પાછા પડવામાંથી સબક શીખી શકે તે જ આગળ વધવાની હિમ્મત કેળવી શકે છે
  **- ડૉ. જગદીશ ત્રિવેદી**
- ચંચળતા એટલે જ બંધન અને સંયમ એટલે જ મુક્તિ **- એસ. ભટ્ટાચાર્ય**
- માણસ 'દુ:ખવીર' ઠરે અને લોકો તેની સહિષ્ણુતાની નોંધ લે એવી પ્રશસ્તિ માટે પણ તે ઉત્સુક હોય છે... પરિણામે દુ:ખના અનુભવોને વધારીને કહેવામાં માણસને મજા આવતી હોય છે **- માનસસૂત્ર**
- શ્રેષ્ઠ માણસ કેવળ શિક્ષિત જ નહીં.. જીવનશાળાના સતત જાગૃત વિદ્યાર્થી તરીકે દીક્ષિત પણ હોય છે **- શિક્ષાસૂત્ર**
- પરિવર્તન એ રોગ નથી, પણ જૂનું ખસવાનો અને નવું આરંભવાનો યોગ છે.. નિરંતર સુખ કે નિરંતર દુ:ખ પીડાકારક.. પરિવર્તનનો પવન જીવનની તાજગી માટે આવશ્યક છે **- અખંડ આનંદ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ગુરૂ, શિક્ષક, સંતનું કામ શિષ્યમાં આત્મવિશ્વાસ ઊભો કરવાનું છે આવો આત્મવિશ્વાસ જાગી જાય પછી ગુરૂ-સંત કોચે કંઇ જ કરવાનું રહેતું નથી.

આખા દેશના રાજયોમાંથી ઉત્તમ ખેલાડી શોધી ફૂટબોલની ટીમ બનાવવામાં આવી હતી. પણ દરેક વખતે હારતી જ હતી... ખેલાડીઓ પણ મનથી જ હારી ગયા હતા. કેપ્ટન બદલ્યા-નવો કોચ આવ્યો પણ પ્રેક્ટીસમાં દરેક ખેલાડીની અદ્‌ભૂત રમત જોઇ-એણે સમજાયું નહીં કેમ ટીમ હારે છે. રાત્રે તેના મનમાં ઝબકારો થયો - અને સવારે એક સંતને લઇ મેદાન પર આવ્યા. ટીમને કહ્યું આ મારા ગુરૂ છે ચમત્કારીક સંત છે એના આશીર્વાદ સદાય સફળતા અપાવે છે તમે બધા એને પગે લાગો... ટીમે ગુરૂને વંદન કર્યા. સંતે કહ્યું 'પુત્રો આજે રમતમાં જીત તમારી જ છે.' આ લોકેટ ગળામાં બાંધી લ્યો - જરૂર પડે ત્યારે આ લોકેટને સ્પર્શીને જ કીક મારજો...

... અને ટીમ વિજયી થઇ. કોચનો આભાર માન્યો અને બધાએ પેલા સંત વંદન કરવાની ઇચ્છા પ્રકટ કરી-ડ્રેસિંગ રૂમમાં બેઠેલાં સંત પાસે ગયા. ટીમ વંદન કરે એ પહેલાં જ સંતે નકલી જટા-દાઢી-વેશ કાઢી નાખ્યાં-કહ્યું કે તમારા કોચે તમારી નબળાઇ શોધી લીધી હતી એણે મને નકલી સંત બનાવ્યો અને તમારામાં 'આત્મવિશ્વાસ' પેદા કર્યો-એટલે સાચા સંત તમારા કોચ જ છે. જીત તમારા 'આત્મવિશ્વાસ'ની જ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# ઘડીયાળના કાંટે અટવાતી જીંદગી

## ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

એક સમય એવો હતો કે જયારે આજના જમાના જેવી આધુનિક અવનવી દિવાલ ઘડિયાળો અને કાંડા ઘડિયાળો ન હતી. પેલા તો લોલકવાળી મસમોટી દિવાલ ઘડીયાળો હતી અને તેને ચાવી આપવી પડતી. આજે તો નવા જમાનામાં ઇલેક્ટ્રોનીક ઘડિયાળો આવી ગઇ છે દિવાલોમાં પાવરથી ચાલતી ઘડિયાળો છે અને ટકટક અવાજ પણ નહિં. સેકન્ડ નો કાંટો કટકટ કર્યા વગર ગોળગોળ ફર્યા કરે. વળી હવે તો મોબાઇલમાં પણ ઘડિયાળો જેવી સમય જોવાની સગવડ છે. એલાર્મ ઘડિયાળોમાં તમારે વહેલા ઉઠવું હોય કે કોઇક કામકાજે જવાનું હોય કે દવા લેવાનું યાદ કરાવવા એલાર્મ મુકવાનો અને તમે ગોઠવેલા સમય પ્રમાણે એલાર્મ વાગે. હવે તો આ મોબાઇલમાં પણ એલાર્મ છે. આપણે મૂળ વાત એ કરવાની છે કે આજે ઘડિયાળના કાંટે માનવીની જીંદગી અટવાતી જોવામાં આવે છે. કેટલાક સાધુ સંતો કથાવાર્તા ધાર્મિક પ્રવચનો કરે ત્યારે સમય સારણી બાજુમાં રાખે. સમય સારણી એટલે પારદર્શક કાચના બે ગોળા હોય ગોળાની નીચે સ્ટેન્ડ હોય, એક ગોળામાં બારીક જીણી રેતી ભરેલી હોય. પ્રવચનમાં જે સમય આપવાનો હોય તે સમયનાં માપ પ્રમાણે એક ગોળામાં રેતી ભરે. પછી પ્રવચન શરૂ કરે ત્યારે રેતીભરેલી ગોળો ઉપર રાખે અને નીચેનો ગાળો ખાલી હોય. પ્રવચન શરૂ થાય એટલે રીતે ભરેલો ગોળો ઉપર રાખી પ્રવચન શરૂ કરે. ઉપરનાં ગોળામાંથી ધીમી ગતિએ રેતી નીચેના ગોળામાં જાય. અડધો કલાક, કલાક, બે કલાક, ત્રણ કલાકનાં માપ પ્રમાણે રેતી ભરાય. કલાકના માપની રેતીનું પ્રમાણ સાધુ સંતો જાણતા હોય છે. તેઓ આધુનિક જમાનાની ઘડિયાળો વાપરે નહિં. છતાં સાધુ સંતો પણ સમયસારણી (એક પ્રકારનો ઘડિયાળ જેવો સમય બતાવતી ઘડિયાળ) ના ગુલામ રહેતાં. તેણે પ્રવચન કરતા કરતા એક નજર રેતી ભરેલાં ગોળા ઉપર રાખવી પડે. સરકારી નોકરી કરતાં લોકોને નોકરીએ જવાનો સાદા દસ કે અગિયારનો સમય હોય એટલે ઘડિયાળના કાંટે કર્મચારીએ જમી લેવાનું. એમાં મોટું થાય એટલે જટપટ અડધું પડધું ખાઇને તૈયાર થઇને ઓપીસે જવાનું. ઓફીસે જઇને કામકાજ શરૂ કરે પણ રીસેષનો સમય જોવા માટે ઘડિયાળના કાંટે કામ કરતો જાય અને ઘડિયાળ સામે જોતો જાય. નોકરીનો સમય પૂરો થાય એટલે કયારે ઘડિયાળમાં છ વાગે ને ઘરેભેગા થવું તેની લહાયમાં ઘડિયાળના કાંટા સામે જોયા કરે. કયારેક કોઇકને મળવાનો સમય આપ્યો હોય ત્યારે ઘડિયાળના કાંટા સામે જોયા કરે. મળવા આવનાર માણસને ધારો કે ત્રણ વાગે બપોરનો સમય આપ્યો હોય ત્યારે માણસ ઘડિયાળના કાંટા સામે જોયા કરે. હજુ એ ભાઇ આવ્યા નહિં, ત્રણ વાગવા આવ્યા. એની લહાયમાં આંટા ફેરા ચકરાવા લગાવ્યા કરે.

વળી કોઇક મિત્ર કે સગાવ્હાલાંને ત્યાં જઇએ અને ત્યાંથી ઘરે આવવાનો સમય નક્કી હોય કે બીજે કયાંક જવાનો સમય નક્કી કરેલો હોય ત્યારે આપણે ઘડિયાળના કાંટા સામે જોયા કરીએ. વાતચીતમાં સરખું ધ્યાન પણ રહે નહીં. ઘડીએ ઘડીએ ઘડીયાળ સામે જોયા કરે. મારા એક મિત્ર શાંતીલાલ મને ટોક્યા કરે કે મારે ત્યાં આવવું હોય તો ઘડિયાળના કાંટે ગોઠવણ કરીને આવવું નહિં. ઘડિયાળનાં કાંટામાં અટવાયા વગર ખુલ્લા દિલે ચિંતા કર્યા વગર ટેસથી ટોળટપ્પા મારવા. બહારગામ જવાનું હોય અને બસ, ટ્રેઇન કે એરોપ્લેનનો સમય નક્કી કરેલો હોય ત્યારે માણસ ઘડીએ ઘડીયે ઘડિયાળનાં કાંટા સામે જોયા કરે. વળી હવે તો બે મિત્રો કે સગાવહાલાં મોબાઇલ દ્વારા વાતચીત કરે અને એકબીજાને કહે કે ભાઇ તું મારે ત્યાં આવતા પહેલાં મોબાઇલ કરજે. રખે ને હું બહાર ગયો હોઉં. મોબાઇલથી નક્કી કરેલાં સમયે ફોન કરવાનો હોય કે ફોનની રાહ જોવાની હોય ત્યારે માણસ વિચાર્યા કરે કે હજી ફોન આવ્યો નહિ. નક્કી કરેલો સમય વીતી જાય અને ફોનના આવે તો સામો માણસ મોબાઇલની ઘંટડી વાગવાની રાહ જોઇને પેલાને ફોન કરે.

કોઇક અગત્યની મીટીંગ હોય અને મીટીંગનો સમય નક્કી કરેલો હોય ત્યારે માણસ નક્કી કરેલો સમય પહેલાં ઘડીયે ઘડીયે ઘડિયાળ સામે જોયા કરે, રખે ને મીટીંગનો સમય વીતી જાય. કોલેજ કે શાળામાં ઘંટ રાખેલો હોય. વર્ગમાં પિરીયડ લેવાનો છુટવાનો સમય નક્કી કરેલો હોય તે પ્રમાણે પટ્ટાવાળાએ ઘંટ વગાડવાનો હોય બિચારો પટાવાળો ઘડિયે ઘડિયે ઘડિયાળમાં જોયા કરે. રખેને ઘંટ મારવાનો સમય જાય તો વળી કેટલાક શિક્ષકો કે અધ્યાપકો ઘંટ માર્યે વર્ગમાં જાય અને ઘંટ માર્યે વર્ગમાંથી બહાર નીકળે પણ ઘંટ વાગવાની રાહમાં ચિંતામાં શિક્ષક કે અધ્યાપક અટવાયા કરે. અમારા એક મિત્રને ત્યાં રસોયણ રસોઇ કરવા આવે બે જણાને ત્યાં રસોઇ કરવા જવાનો સમય નક્કી કરેલો હોય એટલે એક ઠેકાણે જે સમયે રસોઇ કરવા જવાનું હોય તે સમય વીતી ના જાય માટે ઘડિયે ઘડિયે ઘડિયાળાનાં કાંટા સામે જોયા કરે તો વળી જે સમયે એક ઘરે રસોઇ કરવા ગઇ હોય અને બીજે જવાનું હોય ત્યારે ઘડિયે ઘડિયે રસોઇ કરતી કતી ઘડિયાળનાં કાંટા સામે જોયા કરે એની લહાયમાં શાકદાળમાં મીઠું પણ ભૂલી જાય. રોટલી પણ બળી જાય.

હવે તો વિવિધ પ્રકારના આધુનિક સાધનો જેવા કે ટીવી, રેફ્રિઝરેટર, શુધ્ધ પાણી માટેના આર-ઓ-પ્લાન્ટ, વોશિંગ મશીન વગેરે વસાવેલા હોય. આવા સાધનો ખોટવાય જાય ત્યારે તેની સર્વીસ કરવાવાળાને ફોન કરીને બોલાવવા પડે. સર્વીસવાળો કહે આટલો કલાકે આટલા વાગે આવીશ. પછી તો પેલા ઘરવાળા વારેઘડીયે ઘડિયાળના કાંટા સામે જોયા કરે. હજુ સર્વીસ કરવાવાળો આવ્યો નહીં! એટલે તેને ફોન કરે અરે ભાઇ કેમ આવ્યો નહિં, પછી એ ભાઇ ખોટા બહાના બતાવીને કહે પાંચ મીનીટમાં આવું છું પછી વળી ઘડિયાળના કાંટાનો ચકરાવો શરૂ થાય. સર્વીસ કરવાળાળો આવે એટલે બગડેલા સાધનનું સર્વીસ કામ કરતો જાય અને ઘડિયાળના કાંટા સામે ઘડીયે ઘડીયે જોયા કરે. બીજા કોઇનાં ઘરે સર્વીસ કરવા જવાનો સમય આવ્યો હોય એટલે સર્વીસ કરતો જાય ને ઘડિયાળ સામે જોતો જાય તેની લહાયમાં જેમતેમ સર્વીસ આટોપી નીકળી જાય. આ રીતે આજનો માનવી ઘડિયાળના કાંટામાં અટવાઇ ગયેલો રઘવાયો થયેલો જોવામાં આવે છે. માનવી સમયનો ગુલામ બની ગયો છે સમયને સાચવી લેવામાં ઘડિયાળો માનવીને મદદ કરે છે એ જ ઘડિયાળના કાંટામાં માનવીની જીંદગી અટવાતી રહે છે. પહેલાના જમાનામાં તો ઘડિયાળો ન હતી. મોં સૂઝણું થાય એટલે ઉઠવાનું, અર્થાત્ મોં (મોઢું) એકબીજાનું દેખાય એવો પ્રકાશ થાય એટલે ઉઠવાનું. સવારે વહેલા ઉઠવાનું હોય ત્યારે પો ફાટે એટલે ઉઠવાનો સમય થઇ ગયો. પો ફાટવો એટલે સૂર્યોદય પહેલાં જે આછુંપાતળું અજવાળું થાય એટલે માણસ પથારીમાંથી ઉઠે. કેટલાક વળી ઊંઘણશી હોય (સૂર્યવંશી) તે સૂર્યોદય થાય પછી ઉઠે. માથે સૂરજ આવે એટલે બપોરનો સમય થાય. પછી સાંજનો સમય થાય એટલે સૂર્ય આથમવાનો સમય થાય એટલે માણસ દિ' ઊગે અને દિ' આથમે એ પ્રમાણે પોતાના કામકાજનો સમય, પથારીમાંથી ઉઠવાનો સમય, બપોરનો આરામનો સમય, રાતનો સૂવાનો સમય નક્કી કરે સૂર્યદેવતા એ માણસ માટે ઘડિયાળના કાંટા જેવું કામ કરે. પણ ત્યારે માણસ ઘડિયાળનાં કાટાંના ચકરાવામાં પડે તેવો ચકરાવામાં પડતો ન હતો, આજે તો ઘડિયાળના કાંટે માનવી જીંદગી જીવતો જોવામાં આવે છે માનવી ઘડિયાળના કાંટાનો ગુલામ થઇ ગયો છે ઘડિયાળનો કાંટે માનવીને રઘવાયો કરી દેતો હોય છે. મારા બા જીવતા હતા ત્યારે બધા જ કામોનાં સમય મગજરૂપી ઘડિયાળમાં ગોઠવાયેલાં હોય એ સમયે લોકો ઘડિયાળના ગુલામ ન હતા.

આજે તો ઘડિયાળના કાંટે ખાવાનું, ભુખ લાગે ત્યારે નહિં પણ ઘડિયાળનો કાંટો જોઇને ખાવાનું, ઘડિયાળના કાંટે ઉઠવાનું, ઘડિયાળનાં કાંટે સુવાનું, માનવીનું જીવન ઘડિયાળના કાંટામાં અટવાયેલું જોવામાં આવે છે. કાંડા ઘડિયાળ એટલે સમયના બંધનમાં હાથકડીથી બંધાયેલો માનવી.

# ત્રણ વખત તલાક તલાક બોલી તલાક ના આપી શકાય મુસ્લીમ લો મુજબ તલાક માટે યોગ્ય કારણ હોવું જોઈએ

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com





માત્ર ત્રણ વખત તલાક, તલાક, તલાક બોલીને મુસ્લીમો પત્નીને છૂટાછેડા આપી શકે નહિ તે માટે મુસ્લીમ લો મુજબ આવશ્યક અને યોગ્ય કારણ હોવું જોઈએ તથા મુસ્લીમ શરીયતના તમામ નિતી નિયમોનું પાલન કર્યાબાદ જ અપાયેલ તલાક કાયદેસર ગણાય માત્ર ત્રણ વખત બોલવાથી જ તલાક થઈ જતા નથી સામાન્ય નાગરિકોમાં આ માન્યતા દ્રઢ કરી ગઈ છે કે મુસ્લીમ લો પ્રમાણે ત્રણ વખત તલાક બોલવાથી છૂટાછેડા મળી જાય છે જે ગેરમાન્યતા છે.

એડિશનલ મેટ્રોપોલીસન મેજીસ્ટ્રેટે આપેલા તાજેતરના એક ચુકાદા પ્રમાણે પતિના આવા કૃત્યને ગેરકાયદેસર ઠરાવ્યું હતું અને તે લગત પતિને ઘરેલું હિંસામાં વળતર પેટે પત્નીને ૩ લાખ જેટલુ વળતર અને માસીક ૯૦૦૦ ભરણપોષણ પણ ચુકવવાનો હુકમ કરેલ છે.

સદર કેસમાં જુહાપુરાના રહિશ મહંમદ કલીમ શેખના લગ્ન માધુપુરામાં રહેતી કુદીસીયા સાથે ૨૦૦૫ માં મુસ્લીમ રીત રીવાજ મુજબ થયેલા લગ્ન બાદ કલીમને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધો બંધાતા તે પોતાની પ્રથમ પત્નીને યેનકેન પ્રકારે છૂટાછેડા આપવા માંગતો હતો અને તે લગત ઘરેલુ હિંસાપણ પત્ની પણ આચરતો જેથી પત્ની પતિના ત્રાસથી છોડીને જતી રહે અને કલીમને બીજા લગ્ન કરવાનું આસાન બને.

પત્નીએ કલીમ ઉપર તથા તેના પરિવાર ઉપર જાતીય સતામણી તથા ઘરેલુ હિંસાની ફરિયાદ કરતા કલીમે પત્નીને ઘરની બહાર કાઢી મુકેલ તે સમયે કલીમે પોતાની પત્નીને ત્રણ વખત તલાક, તલાક, તલાક બોલી છૂટાછુડા આપેલ આથી પત્નીએ પોતાના પતિ સહિત ઘરના વ્યકિતઓ સામે ડોમેસ્ટ્રીક વાયોલન્સ એકટ મુજબ ફરિયાદ કરેલ અને આ રીતે આપેલા છૂટાછેડા પોતાને માન્ય નથી તેમ જણાવેલ કારણ કે મુસ્લીમ લો મુજબ સરીયતના કોઈ જ નિતી નિયમોનું પાલન કલીમે છૂટાછેડા આપતા પહેલા કરેલ નથી તેમજ મહેરની રકમ પણ પરત કરેલ નથી તેથી લગ્ન જીવન ભંગ ગણાય નહિ.

કેસ ચાલતા અગાઉ પતિને ૩૦૦૦ માસીક ભરણ પોષણ આપવા હુકમ કરેલ જે કેસના આખરી ચુકાદો આપતા નામદાર કોર્ટે સદરહુ ભરણ પોષણની રકમમાં વધારો કરી માસીક ૯૦૦૦ જેટલી રકમ કલીમે પોતાની પત્નીને ચુકવવાની તથા અરજ તારીખથી ડિફરન્સની રકમ પણ ચુકવવા હુકમ કરતા ૫૦૦૦ માસીકના ભરણ પોષણ માટે તથા ૪૦૦૦ મહિલાને ઘર માટે ચુકવવા હુક કરેલ સાથે સાથે ડોમેસ્ટ્રીક વાયોલન્સ એકટ હેઠળ શારિરીક, માનસીક ત્રાસ આપવા બદલ ૩૦૦૦૦ જેટલી માતબર રકમ વળતર તરીકે કલીમે પોતાની પત્નીને ચૂકવી આપવી તેવો હુકમ કરી મુસ્લીમ સમાજમાં દાખલો બેસે તેવો હુકમ કરી માત્ર ત્રણ વખત તલાક કહી પત્નીને ઘરની બહાર કાઢી મુકતા પતિ ઉપર અંકુશ આવે તેવો સામાજીક રીતે ઐતિહાસીક ચુકાદો આપેલ છે.

પત્નીને માત્ર ત્રણવળત તલાક કહી પોતાના વ્યકિગત ફાયદા માટે મુસ્લીમ રીત રીવાજનું પાલન કર્યા સીવાય છૂટાછેડા આપતા કોર્ટે મહંમદ કલીમની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી હતી અને પોતાના ચુકાદામાં નોંધ્યું છે કે પોતાના વ્યકિતગત લાભ માટે આ પ્રમાણે મુસ્લીમ કાયદા કે પર્સનલ લો ના વિરૂધ્ધ તલાક આપવા એ કાયદેસર નથી પત્નીના આવા કૃત્યથી પત્નિને જે માનસીક આઘાત લાગ્યો છે તેની ખોટ આનાપાઈમાં ભરપાઈ થઈ શકે તેમ નથી જે બાબતને ઘરેલુ હિંસા સાથે આવરી લેતા નુકશાન પેટે ત્રણ લાખ જેટલું માતબર વળતર ચુકવવા કોર્ટે કલીમને આદેશ કરેલ છે અને જો વળતર કે ભરણપોષણ ચુકવવામાં નિષ્ફળ જાય તો જેલમાં મોકલવાની જોગવાઈનો અમલ કરવાનો રહેશે. કલીમે પોતાના બચાવમાં જણાવ્યું હતું કે પોતાની પત્નીને બાળક ના થતા છૂટાછેડા આપી બીજી પત્ની કરવા માંગતો હતો જે દલીલો નામદાર કોર્ટે ફગાવી જણાવ્યું હતું કે બાળક ના થવાથી છૂટાછેડા ના આપી શકાય તેના ઘણા વિકલ્પો છે. બાળક દત્તક પણ લઈ શકાય છે. તેમજ મુસ્લીમ લો પ્રમાણે પ્રથમ પત્નીને છૂટાછેડા આપ્યા સીવાય બાળક માટે પોતાની પ્રથમ પત્નીની મરજીથી કલીમ બીજી પત્ની કરી શકયો હોત જે રસ્તો ના અપનાવી છૂટાછેડા મેળવવા ટોમેસ્ટ્રીક વાયોલન્સનો રસ્તો અપનાવેલ છે જે ગેરકાયદેસર છે. મુસ્લીમ લો બોર્ડ દ્વારા પુરૂષોને આપવામાં આવેલા અધિકારોનું સરેઆમ ઉલ્લઘન છે. પત્નીને કોઈ યોગ્ય વ્યાજબી કારણ સીવાય તથા મુસ્લીમ લો ના નિયમોનું પાલન કર્યા સીવાય માત્ર ત્રણ વખત તલાક કહી દેવા માત્ર છૂટાછેડા કાયેસદરના ગણી શકાય નહિ.

# સૂર્ય : જ્ઞાનદાતા, દૃષ્ટિદાતા, બુદ્ધિદાતા

## અક્ષયપાત્ર

- બકુલ દવે

પશ્યેમ નુ સૂર્યમુચ્ચરત્નમ્. (ઋગ્વેદ, ૧૦-૫૯-૪)
(અમે નિત્ય ઊગતા સૂરજને નીરખીએ.)

સૂર્ય પૃથ્વીનો પિતા છે. એનું ચાલકબળ છે. સૂર્ય છે તો એનું ગ્રહમંડળ છે, ચંદ્રો છે. એ છે તો અંધકારને પોતાની ઓળખ છે અને પ્રકાશનો મહિમા છે. ચેતના છે અને જીવનનો ધબકાર છે. ધર્મ છે અને ધાર્મિકતા છે. સ્વાસ છે અને ઉચ્છવાસ છે. સૂર્યથી અગણિત ખોળિયામાં પ્રાણ ધબકતો રહે છે. ચેતોવિસ્તાર થતો રહે છે. ઉપનિષદમાં કહ્યું છે : તમારો પ્રમાણ જ સૂર્ય છે. અનેક જીવોમાં કંઇક અંશે સૂર્ય હોય જ છે. સૂર્ય તપે છે, તપાસે છે. પછી પર્જન્ય (વરસાદ) મોકલી ભીના કરે છે. અનાજ પકવે છે ને સૃષ્ટિ ચાલતી રહે છે. સૂર્ય ઉર્જાનો સ્ત્રોત છે. ચેતનને સંકોરતો રહી એ મનુષ્યને અંદરથી શુદ્ધવિશુદ્ધ કરતો રહે છે, જે શરીરની સભાનતાથી મુક્ત કરી આત્માને ઊર્ધ્વગામી કરવા પ્રેરે છે.

**સૂર્ય સંત જેવો છે, તે આપણી પાસે હોવા છતાંય અલિપ્ત રહે છે, કયારેક એ હૂંફાળો-વાત્સલ્યયુક્ત સ્પર્શ કરી એ ઉષ્માથી ભરી દે છે, તો કયારેક એનો સ્પર્શ દઝાડે છે, એ બંને સ્પર્શ શ્રેયસ્કર છે, માના સ્પર્શ જેમ**

સૂર્ય સંત જેવો છે. તે આપણી પાસે હોવા છતાંય અલિપ્ત રહે છે. કયારેક એ હૂંફાળો-વાત્સલ્યયુક્ત સ્પર્શ કરી એ ઉષ્માથી ભરી દે છે, તો કયારેક એનો સ્પર્શ દઝાડે છે. એ બંને સ્પર્શ શ્રેયસ્કર છે, માના સ્પર્શ જેમ. આ બાળકને પંપાળે અને લપડાક પણ મારે, રોજ સવારે ઊગી અને સાંજે આથમી સૂરજ સતત કહેતો રહે કે આયુષ્ય ટૂંકાતું જાય છે. સમયનો ઉપયોગ કરે, અને વેડફો નહીં



શ્રુતિમાં કહ્યું છે : 'આદિત્ય' એટલે તમારી પાસેથી લઇ જનારો. સૂર્ય આપણી પાસેથી સમય લઇ જાય છે ને જિંદગી ક્ષણભંગુર છે તેની યાદ કરાવતો રહે છે. સૂર્યની વિશાળતા સામે આપણે કંઇ જ નથી તે બાબત આપણી તુચ્છતાનું ભાન કરાવી અહમ્‌નો નાશ કરે છે. સૌથી ધ્યાનાર્હ બાબત એ છે કે સૂર્ય અંધકારનું વિમોચન કરે છે. અંધારું દૂર કરી સૂર્ય આપણને પ્રકાશથી ભરી દે છે. અંધારું એટલે અજ્ઞાન. સૂર્ય અજ્ઞાન હરી જ્ઞાનનો પ્રકાશ રેલાવે છે. સૂર્યની અનુપસ્થિતિમાં સૌ કોઇ અંધ છે. સૂર્ય દૃષ્ટિદાતા છે, જ્ઞાનદાતા છે, બુદ્ધિદાતા પણ છે. ગાયત્રી મંત્ર એ સૂર્યની સ્તુતિ છે. 'ધિયો યોન: પ્રચોદયાત્' એટલે કે સૂર્ય ભગવાન અમારી બુદ્ધિને પ્રેરણા આપે.

સૂર્ય પ્રકાશનો અજસ્ત્ર સ્ત્રોત છે. સવારે અને સાંજે સૂર્યાભિમુખ, થવું પૂજાસંધ્યા કરવી તે ઋણસ્વીકાર છે. સૂર્યાભિમુખ થવાથી ચેતના સંકોરાતી રહે છે, જે સતત કર્મશીલ રાખે છે અને જાગ્રત પણ. સૂર્ય ચેનતાના પ્રવાહને નિરંતર વહેતો રાખે છે. તેને લઇને સમગ્ર સૃષ્ટિનો શ્વાસ ચાલતો રહે છે. શ્વાસ લેવાય ત્યારે હકારાત્મકતા ભીંતર જાય છે અને ઉચ્છવાસ સાથે નકારાત્મકતા બહાર ફેંકાય છે. સૂર્ય બહારનો અને અંદરનો કચરો દૂર કરે છે. સૂર્ય માણસમાં હકારાત્મક પરિણામો લાવે છે.

સૂર્ય વાદળો પાછળ હોય ત્યારે સૂર્યપ્રકાશ પૂરતો નથી મળતો. એવા દિવસને દુર્દિન કહે છે. દુ:ખના - સંકટનાં દિવસને પણ દુર્દિન કરે છે. જયારે સૂર્યનાં દર્શન થઇ શકતાં નથી તે સમય સંકટનો બની રહે છે. તે સમય દરમિયાન મનમાં ઉદાસી છવાઇ જાય અને કશું ગમે નહીં એવી મન:સ્થિતિ સર્જાઇ શકે છે. આ અર્થમાં જ કોઇ જગ્યાએ એવી ભાષા પ્રયોજાતી જોવા મળે છે. આ અર્થમાં જ કોઇ જગ્યાએ એવી ભાષા પ્રયોજાતી જોવા મળે છે : 'સંકટનાં વાદળ ઘેરાયાં' અથવા 'સુખનો સૂરજ ઊગ્યો' વગેરે.

આ સૂર્ય, મનુષ્ય ન હતો ત્યારે પણ હતો અને મનુષ્ય નહીં હોય ત્યારે પણ તે પ્રકાશતો હશે. એ આપણા અનેક જન્મોનો સાક્ષી હતો અને હવે પણ રહેશે. આપણાં અગણિત ખોળિયામાં એ પ્રાણ ફૂંકતો રહ્યો છે - રહેશે. કયારેક એવો પ્રશ્ન પણ થાય છે : આ સૂરજ બુઝાઇ જશે ત્યારે? ત્યારે આ ચેતના કયા-કયા રૂપે અને કેવી રીતે હશે ? - રહેશે?